# જાહેર સ્થળે જણાતા માનસિક અવ્યવસ્થિત વ્યકિતઓને પ્રવેશ

(1983 ના માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 136)

| | |
|---|---|
| 1. દર્દીનું નામ | |
| 2. હોસ્પિટલ અને વોર્ડનું નામ | |

## હું શા માટે હોસ્પિટલમાં છું?

પોલીસ અધિકારી દ્વારા તમને આ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે, કારણ કે તેઓને ચિંતા છે કે તમે માનસિક વિકૃતિ ધરાવતા હોઇ શકો અને તમારા માનસિક આરોગ્ય વ્યાવસાયિક પાસે તપાસ કરાવવી જોઇએ.

તમને 1983ના માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 136 હેઠળ રાખ્યા છે, જેથી સારવારની જરૂર છે કે કેમ તે જોવા તમારું મૂલ્યાંકન કરી શકાય.

## હું અહીં કેટલો સમય રહીશ?

તમને અહીં 72 કલાક સુધી રાખવામાં આવી શકાશે (અથવા અન્ય જગ્યાએ જ્યાં તમે સલામત રહો), જેથી ડોકટર તથા માન્ય માનસિક આરોગ્ય વ્યાવસાયિક દ્વારા તમને તપાસી શકાય.

માન્ય માનસિક આરોગ્ય વ્યાવસાયિક એટલે હોસ્પિટલમાં લોકોને રાખવાની જરૂર છે કે કેમ તે નક્કી કરવામાં મદદ કરવા ખાસ તાલીમ આપવામાં આવેલ વ્યકિત.

ડોકટર અને માન્ય માનસિક આરોગ્ય વ્યાવસાયિક સંમત થાય કે તમને હોસ્પિટલમાં રાખવા જરૂરી છે, તો એક બીજા ડોકટરને તેમના નિર્ણયને સમર્થન કરવા તમને જોવા માટે જણાઇ શકાશે.

આ સમય દરમિયાન તમને હોસ્પિટલ છોડી જવાનું ન કહેવામાં આવે ત્યાં સુધી તમે છોડી શકશો નહીં. તમે હોસ્પિટલ છોડી જવાનો પ્રયત્ન કરશો તો સ્ટાફ તમને અટકાવી શકશે, અને છોડી જશો તો તમને પાછા લાવી શકાશે.

72 કલાક પૂરા થતાં સુધી ડોકટરો અને માન્ય માનસિક આરોગ્ય વ્યાવસાયિકો તમને તપાસે નહીં તો તમને હોસ્પિટલમાં છોડી જવાની સ્વતંત્રતા રહેશે. તમે સ્વૈચ્છિક દર્દી તરીકે રહેવાનું નક્કી કરી શકો. પરંતુ તમે છોડી જવા માગો, તો પ્રથમ સ્ટાફ સાથે વાત કરવા વિનંતી.

તમારા કેસમાં 72 કલાક નીચે પ્રમાણે સમાપ્ત થાય છે:

| તારીખ | સમય |
|---|---|
| | |

## પછી શું થશે?

ડોકટરો અને માન્ય માનસિક આરોગ્ય વ્યાવસાયિકો તમને તપાસે, ત્યારે તેઓ કહી શકે કે તમારે હોસ્પિટલમાં વધુ વખત રહેવાની જરૂર છે. તેઓ તમને કહેશે કે શા માટે અને કેટલો વખત તમને રાખવાની શકયતા છે. તમને શું થશે તે જણાવવા તમને બીજી પત્રિકા આપવામાં આવશે.

નક્કી કરવામાં આવે કે તમારે રોકાવાની જરૂર નથી, તો તમારે બીજી કઇ મદદની જરૂર પડે તે અંગે કોઇક તમારી સાથે વાત કરશે.

## શું હું અપીલ કરી શકું?

ના. તમને હોસ્પિટલમાં રાખવાની જરૂર છે એ બાબતમાં તમે સંમત ન થાવ તો પણ, તમને અહીં કલમ 136 હેઠળ રાખવાના નિર્ણય સામે અપીલ કરી શકશો નહીં.

## શું મને સારવાર અપાશે?

હોસ્પિટલના સ્ટાફને તમારા માટે કોઈ સારવાર જરૂરી લાગે તો તમને જણાવશે. તમે ઈચ્છતા ન હોય તેવી કોઈપણ સારવારનો ઈન્કાર કરવાનો તમને અધિકાર છે. માત્ર ખાસ સંજોગોમાં, જે તમને સમજાવવામાં આવશે, તમે સહમત ન હોય તેવી સારવાર તમને આપી શકાશે.

## તમારા સૌથી નજદીકના સંબંધીને જાણ કરવી

માનસિક આરોગ્ય અધિનિયમ જેને તમારા સૌથી નજીકના સંબંધી કહે તે વ્યકિતને આ પત્રિકાની નકલ આપશે.

માનસિક આરોગ્ય અધિનિયમમાં લોકોની યાદી હોય છે, જેઓને તમારા સંબંધીઓ તરીકે ગણવામાં આવે છે. સામાન્ય રીતે, તે યાદીમાં જે વ્યકિત સૌથી અગ્રિમ આવે તે તમારા સૌથી નજદીકના સંબંધી છે. હોસ્પિટલ સ્ટાફ તમને પત્રિકા આપશે, જે આ અંગે તથા તમારી સંભાળ અને સારવાર સંબંધમાં તમારા સૌથી નજીકના સંબંધીને કયા હકો છે તે અંગે આમાં સમજાવ્યું છે.

તમારા કેસમાં, અમને કહેવામાં આવ્યું છે કે તમારા સૌથી નજીકના સંબંધી કોણ છે:

| |
|---|
| |

તમે આ વ્યકિતને પત્રિકાની નકલ ન અપાય તેમ ઈચ્છો, તો તમારી નર્સ કે સ્ટાફના બીજા સભ્યને તેની જાણ કરવા વિનંતી.

## તમારા સૌથી નજદીકના સંબંધી બદલવા

તમને ન લાગતું હોય કે આ વ્યકિત તમારી સૌથી નજદીકની યોગ્ય સંબંધી છે, તો તમે તેના બદલે બીજી કોઈ વ્યકિતને તમારી સૌથી નજદીકની સંબંધી તરીકે ગણવા કાઉન્ટી કોર્ટને અરજી કરી શકો. હોસ્પિટલ સ્ટાફ, આ બાબત સમજાવતી પત્રિકા તમને આપી શકશે.

## તમારા પત્રો

તમે હોસ્પિટલમાં હોવ તે દરમિયાન તમને મોકલેલા બધા પત્રો તમને આપવામાં આવશે. જેમણે તમારા પત્રો લેવા માગતા નથી એમ જણાવ્યું હોય તે સિવાય તમે કોઈને પણ પત્રો મોકલી શકશો. હોસ્પિટલ સ્ટાફ આ લોકોને પત્રો મોકલવાનું અટકાવી શકશે.

## આચાર સંહિતા

આચાર સંહિતા, માનસિક આરોગ્ય અધિનિયમ અંગે હોસ્પિટલના સ્ટાફને અને માનસિક વિકૃતિ માટે સારવાર કરનાર લોકોને સલાહ આપે છે. સ્ટાફ તમારી સંભાળ અંગે નિર્ણયો લે ત્યારે આચાર સંહિતા શું કહે છે તેને સ્ટાફે વિચારણામાં લેવાની રહે છે. તમે ઈચ્છો, તો તમે સંહિતાની નકલ જોવાનું પૂછી શકો.

## હું કેવી રીતે ફરિયાદ કરું?

તમે, હોસ્પિટલમાં તમારી સંભાળ અને સારવાર બાબત કોઈપણ કરવા ફરિયાદ કરવા માગો, તો સ્ટાફના સભ્ય સાથે વાત કરવા વિનંતી. તેઓ આ બાબતનો નિકાલ કરી શકશે. તેઓ તમને હોસ્પિટલની ફરિયાદ કાર્યપદ્ધતિ વિષે પણ માહિતી આપી શકશે, અને તમે સ્થાનિક ઠરાવ કહેવામાં આવે છે તેની મારફત તમારી ફરિયાદનો નિકાલ લાવવાનો પ્રયત્ન કરવા તમે તેનો ઉપયોગ કરી શકશો. તેઓ ફરિયાદ કરવામાં તમને મદદ કરી શકે તેવા બીજા કોઈ લોકો અંગે પણ તમને જણાવી શકશે.

તમને લાગે કે હોસ્પિટલની ફરિયાદ કાર્યપદ્ધતિ તમને મદદ કરી શકશે નહીં, તો તમે સ્વતંત્ર કમિશનને ફરિયાદ કરી શકો. કમિશન, માનસિક આરોગ્ય અધિનિયમનો કેવી રીતે ઉપયોગ કરાય છે, તેનો સાચી રીતે ઉપયોગ કરાય તેની ખાતરી કરવા અને દર્દીઓ હોસ્પિટલમાં હોય તે દરમિયાન યોગ્ય સંભાળ રાખવામાં આવે તેના પર દેખરેખ રાખે છે. કમિશનનો કેવી રીતે સંપર્ક કરવો તે સમજાવતી પત્રિકા, હોસ્પિટલ સ્ટાફ તમને આપી શકશે.

## વધુ મદદ અને માહિતી

તમને તમારી સંભાળ અને સારવાર અંગેની કોઈ વસ્તુ ન સમજાતી હોય, તો સ્ટાફનો સભ્ય તમને મદદ કરવા પ્રયત્ન કરશે. આ પત્રિકામાં તમને ન સમજાય તેવી કોઈ વસ્તુ હોય, અથવા આ પત્રિકામાં જેનો જવાબ ન હોય તેવા બીજા કોઈ પ્રશ્નો તમને હોય તો તે સમજાવવા સ્ટાફના સભ્યને કહેવા વિનંતી.

તમારે બીજા કોઈ માટે આ પત્રિકાની નકલ જોઈતી હોય તો જણાવવા વિનંતી.